lexus
*it's amazing*

**SYMBOL: LEXUS**
**ISIN: INE500X01013**

**Dated: 12.02.2024**

**To,**
**The Manager-Listing Department**
**The National Stock Exchange of India Limited**
**Exchange Plaza, NSE Building, Bandra Kurla Complex,**
**Bandra East, Mumbai-400 051 (Maharashtra)**

Dear Sir,

**Sub: Newspaper Publication for extract of financial results for the quarter ended December 31, 2023**

With reference to regulation 30 and 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, please find enclosed the copy of newspaper publication in which the Unaudited Financial Results of the company for the quarter ended December 31, 2023,have been published:

- Financial Express (English) dated February11, 2024
- Phulchhab (Gujarati) dated February 11, 2024

This is for your information and record.

Thanking you,
Yours Faithfully,
**ForLexus Granito (India) Limited**

LEXUS GRANITO INDIA LTD. MORBI

**Anilkumar Babulal Detroja**
**(Chairman cum Managing Director)**
**(DIN: 03078203)**

**LEXUS GRANITO (INDIA) LTD.**
MFG : VITRIFIED & WALL TILES
CIN : L26914GJ2008PLC053838
Survey No. 800, Opp. Lakhdhirpur Village, Lakhdhirpur Road, N.H. 8-A, Tal. Morbi- 363 642 (Gujarat) INDIA.
f.+ 91- 2822 - 244 445 e. info@lexustile.com w. www.lexustile.com

# જૂનાગઢમાં વોંકળા દબાણનું નિરીક્ષણ કરતા નવનિયુક્ત કમિશનર ઓમપ્રકાશ

### દબાણ હટાવવા હવે કાર્યવાહી થશે કે કેમ?

જૂનાગઢઃ જૂનાગઢમાં ચોમાસાએ જ્યાં આફત નોતરી હતી, તે વોંકળા દબાણોનું નવનિયુક્ત મ્યુનિ. કમિશનર ઓમપ્રકાશે નાયબ કમિશનર સહિત અધિકારીઓને સાથે રાખી નિરીક્ષણ કર્યું હતું.

અધિકારીઓએ નવનિયુક્ત કમિશનરને વોંકળા દબાણ અંગે વાકેફ કર્યા હતા. આગામી સમયમાં વોંકળા દબાણ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી આશા જાગી છે. જૂનાગઢમાં તા.૨૨ જુલાઈએ એક સાથે ૧૭ ઈંચ વરસાદ પડતાં કાળવા વોંકળામાં ઘોડાપુર આવ્યું હતું. વોંકળા કાંઠાના દબાણોના કારણે કાંઠા વિસ્તારની સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા હતા. જાનમાલને કરોડોનું નુકસાન થયું હતું. આ નુકસાનીનો સર્વે પણ કરાયો હતો. જૂનાગઢના પ્રબુદ્ધજનોએ ગાંધીનગર મુખ્યમંત્રીને વોંકળા દબાણ અંગે રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટર, મ્યુનિ. કમિશનરને દબાણો અંગે સર્વે કરવા સૂચના આપી હતી. સર્વ સમયે મનપા પાસે શહેરના વોંકળાનું કોઈ રેકર્ડ જ નહોતું. આથી સિટી સર્વે, લેન્ડ રેકર્ડ કચેરીના રેકર્ડના આધારે સર્વે કરી દબાણોની તારવણી કરી રાજ્ય સરકારને રિપોર્ટ મોકલાયો હતો.

જૂનાગઢ મનપા દ્વારા ઓળખાયેલા દબાણોમાં દબાણકારોને નોટિસ અપાઈ હતી. દબાણ અંગે મિલકતોમાં ડિમાર્કેશન કરાયું હતું. મુખ્યમંત્રીએ જાહેર મંચ ઉપરથી દબાણો દૂર કરવા જણાવ્યું હતું. છતાં કોઈ કાર્યવાહી મનપા દ્વારા કરવામાં આવી નહોતી. તેવામાં રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં આવેલા મુખ્યમંત્રીએ વોંકળા દબાણો લાઈનદોરીથી ત્રણ, ચાર દિવસમાં દબાણ હટાવવા અને કાળવા વોંકળો ઉંડો ઉતારવાની કામગીરી ચાલુ કરાશે તેવી જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીની આ જાહેરાત સાથે જ બીજા દિવસથી કાળવા વોંકળા અંદર આવેલા કાચા મકાનો પર બુલડોઝર ફેરવવાનું ચાલુ કરાયું હતું. આથી દબાણકારો પણ ફફડી ઉઠ્યા હતા. જો કે બીજા જ દિવસે મનપાને વોંકળા દબાણ કામગીરીને બ્રેક મારી દીધી. તેવામાં મ્યુનિ. કમિશનર રાજેશ તન્નાની બદલી થઈ હતી.

તેમના સ્થાને આવેલા ડો. ઓમપ્રકાશે ચાર્જ સંભાળ્યાના પાંચમાં દિવસે વોંકળા દબાણનું જાત નિરીક્ષણ કર્યું હતું. મનપાના અધિકારીઓએ દબાણોમાં આફત નોતરે તેવા સ્થળેથી કમિશનરને વાકેફ કર્યા હતા. હવે દબાણ હટાવ કામગીરી ચાલુ થશે તેવો આશાવાદ જન્મ્યો છે.

# જૂનાગઢમાં મિશ્ર ઋતુનાં કારણે રોગચાળો વકર્યો, ઘરે-ઘરે માંદગી

### તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલ્ટીના કેસ વધ્યા; દર્દીઓથી દવાખાનાં ઉભરાયાં

જૂનાગઢ, તા.૧૦: જૂનાગઢમાં બેવડી ઋતુઓને કારણે રોગચાળાએ માથું ઊંચક્યું છે. ઘરે-ઘરે દર્દીઓના ખાટલા મંડાયા છે. તેમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલ્ટીનું પ્રમાણ વધારે હોવાથી દવાખાના દર્દીઓની ઉભરાયા છે. સિવિલ હોસ્પિટલમાં ૩૦ ટકા દર્દીઓની સંખ્યા વધી છે. સિવિલ હોસ્પિટલના ડૉ. કરંગિયાએ જણાવ્યું કે, છેલ્લા થોડા દિવસથી તાવ, શરદી, ઉધરસ, ઝાડા ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો થયો છે. શ્વાસની તકલીફવાળા દર્દીઓ આ મિશ્ર ઋતુનો તુરંત ભોગ બની રહ્યા છે. પરિણામે આ વાયરસથી બચવા હૂંફાળું પાણી તથા પૌષ્ટિક આહાર લેવો જોઈએ. બેવડી ઋતુમાં અમુક વાયરસના જંતુઓ ઝેટ ગતિએ વધતા હોય છે તેનાથી બચવા માસ્ક પહેરવું. ઉકાળાનું સેવન કરવું હિતાવહ છે. જ્યારે ખાનગી દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાવા લાગ્યા છે. આ રોગચાળાથી બચવા માટે સાવચેતી જરૂરી છે. બજારુ ખાણીપીણીથી દૂર રહેવું જોઈએ, તેમ ડૉ.ચાપડિયાએ જણાવ્યું છે. આજે લોકોની લાઇફ સ્ટાઇલ બદલાઈ છે તેનાં કારણે રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો નોંધાયો છે.

# કેશોદ નજીકનાં સોંદરડા ઉદ્યોગનગરમાં બારદાનનાં કારખાનામાં આગ ભભૂકી

### ફાયર બ્રિગેડ ટીમ દ્વારા કલાકો સુધી આગને કાબૂમાં લેવા ચાલી કવાયત



બારદાનનાં કારખાનામાં લાગેલી આગ. (મનિષ મહેતા)

કેશોદ, તા.૧૦: કેશોદ નજીક આવેલા સોંદરડા ઉદ્યોગનગરમાં આજે વહેલી સવારે શણના બારદાનનાં કારખાનામાં આગ લાગતા કેશોદ નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમને જાણ કરવામાં આવતાં તુરંત ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લેવા પ્રયત્નો કર્યા હતા.

સોંદરડા ઉદ્યોગનગરમાં વિસ્તારમાં આવેલા બારદાનના કારખાનામાં આજે સવારે ધુમાડો નીકળતો હોવાની કોઈએ કારખાનેદારને જાણ કરી હતી અને તેઓ પહોંચે એ પહેલા વિકરાળ સ્વરૂપ ધારણ કરીને આગ વધુ ફેલાઈ ગઈ હતી. બાદમાં આગજનીની જાણ થતાં કેશોદ નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ દ્વારા ત્વરીત દોડી જઈને ત્રણ વાહન દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જો કે, શણના બારદાન સહેલાઈથી આગ પકડી લેતાં હોવાથી સાંજ સુધી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો નહોતો.

અહીં ભયાનક આગના ગોટેગોટા નીકળતા આસપાસના શ્રમિકો અને રાહદારીઓના ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. સદનસીબે જાનહાની ટળી હતી. વળી, બારદાનનાં કારખાનામાં અગ્નિશામક સાધનો ઉપલબ્ધ ન હોય અને સંબંધકર્તા કચેરીમાંથી ધારાધોરણો મુજબ મંજૂરી મેળવી ન હોવાનું સામે આવ્યું છે.

# અમરેલી પાલિકામાં સરકારની ઓનલાઈન પદ્ધતિ સુવિધાને બદલે દુવિધારૂપ બની !

### અવારનવાર સર્વર ડાઉન થઈ જવાથી અરજદારોને કચેરીના ધક્કા ખાવા પડે છે

અમરેલી, તા.૧૦ : અમરેલી નગરપાલિકામાં સરકારની ઓનલાઇન સિસ્ટમ એક સરળ સુવિધાના બદલે અરજદારો અને પાલિકા માટે મોટી દુવિધારૂપ સાબિત થઈ રહી છે. ઓનલાઇન સિસ્ટમમાં વણથંભી ખામીઓના કારણે અરજદારોને ધરમના ધક્કા સાથે મુશ્કેલીમાં સપડાવાનો વખત આવ્યો છે. ગાંધીનગરથી સંચાલિત ઇ નગર ઓનલાઇન સિસ્ટમમાં જવાબદાર તંત્ર પણ પોતાની જવાબદારીમાંથી ઊંચા હાથ કરી રહ્યું છે.

સરકાર દ્વારા જનસુવિધાર્થે ઓન લાઇન સિસ્ટમ ઉપર ભાર મુક્યો છે ત્યારે અમરેલી નગરપાલિકામાં પણ વ્યવસાય વેરો, ઘરવેરો સહિતની સુવિધા સરકારની ઇ-નગર યોજના અંતર્ગત ઓનલાઇન સ્વીકારવામાં આવે છે. અત્યારે આ સુવિધા એક દુવિધારૂપ બની ગઈ છે, અવારનવાર સર્વર ડાઉન થઈ જાય છે, અરજદારોને ધરમના ધક્કા થઈ રહ્યાં છે. વ્યવસાય વેરામાં ઓન લાઇન અનેક ખામીઓ સર્જાય રહેલ છે.ઓન લાઇન હેલ્પ ડિક્ષમા ફરિયાદ કરવાથી જવાબદાર કર્મી દ્વારા ઉડાઉ જવાબ દેવામાં આવે છે. ઓન લાઇન ફરિયાદ સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવતો નથી.જેના કારણે અરજદારો કચેરીના ધક્કા ખાઈ રહ્યાં છે. હેલ્પ ડેક્સ એક ફારસ બની ગયું છે. કેન્સલ કરવામાં આવેલા વેપારીનો રિપોર્ટ પણ ફરી જનરેટ થઈ જતા વેપારી તેમજ પાલિકાના જવાબદાર કર્મીને મુશ્કેલીમાં સપડાવાનો વખત આવ્યો છે. ઓનલાઇન પાવતી નંબર જનરેટ થવામાં અનેક ખામીઓ સર્જાઈ રહી છે. ખામીઓની વણથંભી વણજાર પાલિકાના કર્મીઓ દૂર કરવા મથી રહ્યાં છે, પરંતુ ગાંધીનગર સ્થિત સંચાલકોના મનસ્વી વર્તનનો ભોગ વેપારીઓ અને દૂર દૂરથી આવતા અરજદારો બની રહ્યા છે.

# ભાણવડની કન્યાશાળામાં શિક્ષકોની ભરતીની ખાતરીથી આંદોલનનો અંત

### કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાએ ઉપવાસીઓને પારણાં કરાવ્યાં



ઉપવાસીઓને કરાવેલાં પારણાં. (મનિષ ઘેલાણી)

ભાણવડ, તા.૧૦: ભાણવડમાં તાલુકા શાળા નંબર-૩ (કન્યા શાળા)માં ઇંગ્લિશ વિભાગમાં શિક્ષકોની ભરતી મુદ્દે ચાલતા ઉપવાસ આંદોલનનો વૈકલ્પિક વ્યવસ્થા બાદ અંત આવ્યો છે.

ભાણવડમાં કન્યા શાળામાં અંગ્રેજી મીડિયમ વિભાગમાં ફરજ બજાવતા પ્રવાસી શિક્ષકોને ચાલુ સત્રમાં જ છૂટા કરાયા બાદ બાળકોનો અભ્યાસ બગડી રહ્યો હતો. આ મુદ્દે વાલી મંડળે તાલુકા સેવા સદન સામે ઉપવાસ આંદોલન શરૂ કર્યું હતું તેમજ શિક્ષકોની ભરતી કરવા સરકારી તંત્રને અસરકારક રજૂઆત કરી હતી. આ બાબતે ભાણવડ ખંભાળિયાના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પાલાભાઈ કરમુર સહિત શિક્ષણ ખાતાના સત્તાવાળાઓએ ઉપવાસી છાવણીની મુલાકાત લઈ, વિદ્યાર્થીનો અભ્યાસ ના બગડે એ માટે પ્રવાસી શિક્ષકોની નિમણૂક કરી હતી. બાદમાં નવા સત્રથી ઇંગ્લિશ મીડિયમ વિભાગમાં કાયમી શિક્ષકોની ભરતી કરાશે, એવી ખાતરી આપતા ઉપવાસ આંદોલન સમેટાયું હતું.


શ્રી ઉમિયાજી પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**શ્રી ઉમિયાજી મહિલા બી.એડ. કોલેજ-ધ્રોલ**

સ્ટેટ હાઇવે, બાવની નદી પાસે, ધ્રોલ જિ.- જામનગર - ૩૬૧૨૧૦

નીચેના અભ્યાસક્રમ માટે વ્યાખ્યાતા જોઇએ છે

| વિભાગ | જગ્યાનો પ્રકાર | લાયકાત |
|---|---|---|
| બી.સી.એ. | વ્યાખ્યાતા - 1 | M.C.A./M.Sc.(IT) |
| | લેબ આસિસ્ટન્ટ - 1 | B.C.A./M.C.A./M.Sc.(IT) |

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિવસ-૮માં લાયકાતના તમામ પ્રમાણપત્રો વોટ્સએપ નંબર ૯૩૨૮૨ ૨૯૨૪૭ માં મોકલી આપવા.

શ્રી બી. જી. કાનાણી - ડાયરેક્ટર, શ્રી ઉમિયાજી મહિલા કોલેજ - ધ્રોલ | શ્રી બી. એચ. ઘોડાસરા - મેનેજીંગ ટ્રસ્ટી, ઉમિયાજી પરિવાર એજ્યુ. ટ્રસ્ટ - ધ્રોલ



**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઇ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૪૫૯/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૨ | ૫૯,૦૬,૬૪૨/- |
| ૨ | ૧૪૬૦/૨૩-૨૪ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૪૧,૮૯,૨૬૪/- |
| ૩ | ૧૪૬૧/૨૩-૨૪ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ | ૦૧ | ૫૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૧૪૬૪/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૪ | ૧,૯૮,૫૧,૯૯૪/- |
| ૫ | ૧૪૬૫/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૨ | ૬૦,૬૪,૦૦૦/- |
| ૬ | ૧૪૬૮/૨૩-૨૪ | સ્ટ્રીટ લાઇટ વિભાગ | ૦૧ | ૨,૫૦,૦૦,૦૦૦/- |
| ૭ | ૧૪૬૯/૨૩-૨૪ | પા.પુ.(વિતરણ) | ૦૫ | ૨,૫૦,૦૦,૦૦૦/- |
| ૮ | ૧૪૭૦/૨૩-૨૪ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૭,૭૧,૭૬,૦૧૯/- |
| ૯ | ૧૪૭૨/૨૩-૨૪ | બ્રિજ પ્રોજેક્ટ | ૦૧ | ૨૦,૦૩,૭૯,૬૨૯/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૪૭૫/૨૦૨૩-૨૪ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત


### દીહોર ગામે મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

તળાજા, તા.૧૦ : દીહોર ગામે રહેતી અને જૂના પાદર ગામે પિયર ધરાવતી જાગુબેન જગદિશ બારૈયા નામની મહિલાએ તેના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક જાગુબેન ઘેર દરજી કામ કરતી પતિને ગુજરાન ચલાવવામાં મદદરુપ થતી હતી. આ બનાવના પગલે બે માસૂમ પુત્રીઓએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બે દિવસ બાદ જેઠાણીને ત્યાં લગ્નપ્રસંગ હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલમાં રેલવે સ્ટેશન નજીક લાલપુલ નીચે વાહન વ્યવહાર કરાયો પૂર્વવત

### પ્લેટફોર્મ અને લાલપુલના વિસ્તરણ સહિતની કામગીરી પૂર્ણ થતાં રાહદારીઓને રાહત



લાલપુલ નીચે ચાલુ કરાયેલો વાહન વ્યવહાર. (જીતેન્દ્ર આચાર્ય)

ગોંડલ, તા. ૧૦: ગોંડલમાં રેલવે મંત્રાલય દ્વારા રાજવીકાળના રેલવે સ્ટેશનને કરોડો રૂપિયાના ખર્ચે નવા રંગરૂપ આપવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે એક નંબરનાં પ્લેટફોર્મ અને લાલપુલના વિસ્તરણનું કામ શરૂ કરવામાં આવનાર હોવાથી એક મહિના માટે તેની નીચેથી વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. જે કામગીરી પૂર્ણ થતાં પુલ નીચેનો વાહન વ્યવહાર પુનઃ ચાલુ કરી દેવામાં આવ્યો છે.

ગોંડલમાં રેલવે સ્ટેશનનાં આધુનિકરણ સાથે એક નંબરનું પ્લેટફોર્મ લંબાવવાનું હતું. જે સમારકામ ચાલુ હોવાથી છેલ્લા એક મહિનાથી રાતાપુલને બંધ કરવામાં આવ્યો હતો. જો કે, હવે આજથી રાતાપુલ નીચેથી રાબેતા મુજબ વાહન વ્યવહાર ચાલુ કરી દેવામાં આવ્યો છે. જેથી રામ હોસ્પિટલ, સહજાનંદનગર વિસ્તાર, અરુણ કોલોની, રણછોડનગર સહિત અનેક સોસાયટીઓના રહીશો હવેથી લાલપુલનાં અંડરબ્રિજમાંથી પસાર થઈ શકશે. અહીં લાલપુલ પરની લંબાઈ વધારવામાં આવી છે અને પુલ પર પ્લેટફોર્મ કરવામાં આવ્યું છે. હાલ રેલવે સ્ટેશનનું રીનોવેશન કરવામાં આવી રહ્યું છે. જેનું આગામી ટૂંક સમયમાં ઉદ્‌ઘાટન થનાર છે.

# ભીમનાથ ગામેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

બોટાદ, તા.૧૦ : બરવાળા તાબેના ભીમનાથ ગામે રહેતો ભાવેશ ઉર્ફે રવિ મનોજ જોષી નામનો શખસ તેના ઘરની સામે નીલકા નદીના કાંઠે કારમાં દારૂ રાખી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને કારને ઝડપી લઈ તલાસી લેતા તેમાંથી ૧૧૭ બોટલ દારૂનો જથ્થો મળી આવતા કબજે કર્યો હતો. પોલીસે દારૂ-કાર સહિત રૂ.૯૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો જ્યારે ભાવેશ ઉર્ફે રવિ મનોજ જોષી ફરાર થઈ જતા ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.


**આંતરરાષ્ટ્રીય વેપાર મેળો**

તા. ૧૧,૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪

સ્થાનિક વેપાર વૃધ્ધિ સાથે
એક તક નિકાસ વેપાર ની પણ ખરી

**SVUM 2024 INTERNATIONAL TRADE SHOW**

તમામ ક્ષેત્રના લોકો માટે
અવશ્ય મુલાકાત લેવા યોગ્ય ટ્રેડ શો
આવી રહ્યા છે ૧૦૦ થી વધુ વિદેશી ગ્રાહકો

સ્થળ:- NSICગ્રાઉન્ડ, આજી વસાહત, 80 ફૂટ રોડ, રાજકોટ
સમય :- સવારે 10 થી સાંજે 6

SUPPORTED BY



**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **જેઠવા ક્રિત ભાવેશભાઈ** જાહેર કરું છું કે મારું જુનું નામ **જેઠવા ક્રિત ભાવેશ** હતું. જે બદલીને નવુ નામ **જેઠવા ક્રિત ભાવેશભાઈ** કરેલ છે. જેથી હવે હું **જેઠવા ક્રિત ભાવેશભાઈ** ના નામથી ઓળખાઇશ જેની સર્વેએ નોંધ લેવી.

જેઠવા ક્રિત ભાવેશભાઈ
મું. રાજકોટ

**CHANGE OF NAME**

I THE UNDERSIGNED HERE BY CHANGE MY OLD NAME FROM ATUL RAVJIBHAI SANURA TO MY NEW NAME ATULBHAI RAVJIBHAI SANURA SO THAT CONCERN PERSON NOTE IT. AMRELI, BABRA, MOTA DEVALIYA - 365410

**CHANGE OF NAME**

I MENEZES CHRIS JOSEPH RONALD DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM MENEZES CHRISJOSEPH TO MENEZES CHRIS JOSEPH RONALD NOW ONWARDS I WILL BE KNOWN AS MENEZES CHRIS JOSEPH RONALD.

ADDRESS: S/O: RONALD, AMODRA ROAD, ST.JOSEPHS SCHOOL, UNA, GUJARAT 362560



**જાહેર નોટીસ-મોરબી**

આથી આ જાહેર નોટીશથી સર્વેને જણાવીએ છીએ કે, મોરબી જીલ્લાના મોરબી તાલુકાના શહેર મોરબીમાં મ્યુનીસીપલ હદમાં, શકિત પ્લોટ શેરી નં.૧૦ માં આવેલ ખુલ્લી જમીન ચો.ફુટ ૩૭૫૦-૦૦ (ચો.મી. ૩૪૮-૩૯) પર બાંધવામાં આવેલ રહેણાંક હેતુ માટેના બહુમાળી બીલ્ડીંગ **'સીટી હાઇટસ્'** ના **પહેલા માળે આવેલ ફલેટ નં. ૧૦૪,** રજી. દસ્તા. અનુ. નં. ૧૦૭૬૦, તા.૧૨-૦૪-૨૦૨૩ થી **આયુષ દિનેશ પંડયાએ** ઓનરશીપથી વેચાણ રાખેલ છે. અને ત્યારથી આ મિલ્કત તેઓની હકક, માલીકી અને કબજા, ભોગવટાની થયેલ છે. આ મિલ્કત અમારા અસીલ વેચાણ લેવા માગે છે.

સબબ, ઉપરોકત મિલ્કત પરત્વે કોઇનો કાંઇ હકક-હીત-હીસ્સો, લાગ-ભાગ હોય, નાણાંકીય સંસ્થા, બેંક કે ખાનગી વ્યકતી પાસે ગીરો, મંડાણ કે ચાર્જમાં હોય, કે મિલ્કત પરત્વે કોઇનું કાંઇ લેણું દેણું હોય, વેચાણ-બક્ષીસ-સોદાખત કે મુખત્યારનામુ કરી આપેલ હોય, અગરતો વેચાણ સામે કોઇને કાંઇ વાંધો તકરાર હોય તો, તેઓએ આ નોટીશ પ્રસીદ્ધ થયેથી દીવસ-૭ (સાત) માં અમારી સમક્ષ આધાર પુરાવા સાથે લેખીત વાંધા રજુ કરવા. મુદત વીત્યે કોઇના તરફથી વાંધા આવશે નહી તો, કોઇને કાંઇ વાંધો નથી તેમ શુદ્ધ બુદ્ધીથી માની મારા અસીલ વેચાણની કાર્યવાહી કરશે અને વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઇના વાંધા તકરાર ચાલશે નહી. જેની સર્વે એ નોંધ લેવી.

મોરબી. તા.૦૯-૦૨-૨૦૨૪ — અસીલની સુચનાથી

**વકીલ સૌરભ ગુણવંતરાય શાહ**
**વકીલ સૌરભ જીતેન્દ્રભાઈ ભટ્ટ**

૧૫, સાવસર પ્લોટ, શનાળા રોડ, મોરબી. મો. ૯૪૨૭૫ ૦૫૪૭૧

મહેતા એડસ-9825307652



**BIG NEWS**

Pioneer Since 2021 — Instagram: @diamijewellersindia

**રાજકોટનો સૌપ્રથમ લેબગ્રોન ડાયમંડ જ્વેલરી શોરુમ**



D'Jib Jewellers તથા ShriTaL Mukhvas વાળા સુભાષભાઈ રાણપરાની પહેલ, ૪૦ વર્ષથી ડાયમંડ જવેલરીમાં અગ્રેસર હવે રાજકોટના શ્રેષ્ઠ ડાયમન્ડ્સના ચાહકો માટે લઈ આવ્યા છે યુનિક ડિઝાઇન્સ સાથેનો લેબગ્રોન ડાયમંડ જવેલરી શોરુમ

Starting from 12,000/- & above

-Customized Jewelry
-Exclusive Collection
-Lifetime Buyback
-Certified Diamonds
-Hallmark Jewelry

Map

Diami Jewellers — Now, Diamonds for All

"જીવન મંગલ", રોકડિયા હનુમાન મંદિર વાળી શેરી, જલારામ પ્રાર્થના મંદિર કમ્પાઉન્ડ, ભિલવાસ, રાજકોટ - ૩૬૦૦૦૧. Call: 963 88 00 999



**લેક્સસ ગ્રેનિટો (ઇન્ડિયા) લિમિટેડ**

રજી. કચેરી: સર્વે નં.૮૦૦, લખધીરપુર ગામ સામે લખધીરપુર રોડ, ને.હા.૮ એ, તા.મોરબી લખધીરપુર, રાજકોટ જીજે-૩૬૩૬૪૨ - CIN:L26914GJ2008PLC053838

Phone: +91 7567500110; Email: cs@lexustile.com; Website: www.lexustile.com

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૩નાં રોજ પૂરા થયેલા ઓડિટ થયા વિનાના ત્રિમાસિક નાણાકીય પરિણામો**

(ઇપીએસ સિવાય રૂ. લાખમાં)

| S. No. | વિગતો | પૂરા થયેલા ત્રિમાસિક 31.12.2023 (Unaudited) | પૂરા થયેલા ત્રિમાસિક 30.09.2023 (Unaudited) | પૂરા થયેલા ત્રિમાસિક 31.12.2022 (Unaudited) | પૂર્ણ થયેલ નવ માસ 31.12.2023 (Unaudited) | પૂર્ણ થયેલ નવ માસ 31.12.2022 (Unaudited) | વાર્ષિક 31.03.2023 (Audited) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | કામગીરીની કુલ આવક | 2677.94 | 3222.27 | 2695.69 | 9067.82 | 6392.97 | 10206.90 |
| 2 | ચોખ્ખો નફો/ (નુકસાન) સમયગાળો (ટેક્સ, અપવાદ અને/અથવા અસાધારણ આઇટમો પહેલા) | (354.21) | (92.28) | (496.17) | (778.57) | (825.53) | (1156.95) |
| 3 | ચોખ્ખો નફો/(નુકસાન) ટેક્સ (અપવાદ અને/ અથવા અસાધારણ આઇટમો) પછી | (354.21) | (92.28) | (496.17) | (778.57) | (825.53) | (1156.95) |
| 4 | ચોખ્ખો નફો/(નુકસાન) ટેક્સ (અપવાદ અને/અથવા અસાધારણ આઇટમો પછી) પછી | (389.00) | (106.81) | (503.04) | (842.60) | (844.78) | (1182.76) |
| 5 | સમયગાળા માટેની કુલ વ્યાપક આવક | 1.31 | 3.95 | - | 7.35 | - | 4.40 |
| 6 | ભરપાઇ થયેલી ઇક્વિટી શેર મૂડી (ફેસ વેલ્યુ પ્રત્યેક રૂા.૧૦/-) | 2019.07 | 1919.07 | 1919.07 | 2019.07 | 1919.07 | 1919.07 |
| 7 | શેર દીઠ આવક (ફેસ વેલ્યુ પ્રત્યેક રૂા.૧૦) મૂળભૂત અને સંમિશ્રિત (ત્રિમાસિક માટે વાર્ષિક નહીં) | (1.95) | (0.56) | (2.62) | (4.33) | (4.40) | (6.16) |

નોંધ:
૧. ઉપરોક્ત ઓડિટ વિનાના નાણાકીય પરિણામો ઓડિટ કમિટી દ્વારા ચકાસણી થઇને મંજૂર કરવામાં આવેલ છે, જેની કંપની બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શનિવારે મળેલી સભામાં નોંધ લેવાઇ છે.
૨. ઉપરોક્ત ઓડિટ થયા વિના નાણાકીય પરિણામોની વિગતો સ્ટોક એક્સચેન્જમાં સેબી નિયમ-૩૩ હેઠળ (લિસ્ટીંગ ઓબ્લીગેશન અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) નિયમો, ૨૦૧૫ અનુસાર દર્શાવેલ છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના પૂરા થયેલા ત્રિમાસિક પરિણામો સાથે કાયદાકીય ઓડિટરનો લિમિટેડ રિવ્યૂ અહેવાલ કંપનીની વેબસાઇટ www.lexusile.com તથા નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (www.nseindia.com) ઉપર ઉપલબ્ધ છે.

તારીખ: ૧૧.૦૨.૨૦૨૪
સ્થળ: મોરબી

લેક્સસ ગ્રેનિટો (ઇન્ડિયા) લિમિટેડ વતી
સહી/- અનિલકુમાર બાબુલાલ દેત્રોજા
ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર - DIN:03078203